➢ <u>Modern and well equipped liberrary of the School will be helpful for this school in becoming the top ten school of the world.</u>

- Great teachers understand the students well and tame/trim their teaching and training according to students' needs so that outcomes are BEST.



(8) My special thanks to the Management
(8.1) Shri Hemant Bhaiji-
- The Honourable Chairman Of The School, A Philanthropist Indeed.
(8.2 ) Dr. BHAGUBHAI Prajapatiji.
- The Dynamic Principal -Cum -Director (Representing Management In Action)
(8.2) Mr Parth Prajapati ji-
- Young Member of The Management.

I am immensely impressed with the simplicity and humility of Mr Parth, Miss Purva and the chairman- a rarity in modern world.

(9) I would appreciate the kind cooperation and active assistance of following teachers and staff:

(9.1) Mr LD Bhardwaj ( IAS to be), (9.2) Madam Binita Ben, (9.3) Madam Zalpa Ben (9.4) Madam Vidya Ben, (9.5) Madam Shila Karmokar Ben,(9.6) Madam Urvashi Ben (9.7) Madam Sonal Ben,(9.8) Madam Purva Ben,(9.9) Mr Jignesh Bhai ji (9.10) Mr Hashmukhbhai,(9.11) Mr Shailender Bhaiji for accompanying to * STATUE OF UNITY*

Save their cooperation and active assistance, the quality of training to Teachers and Students at large could be poor.

With thanks,
**Prof P. K. Keshap**
Resource person Ludhiyana, Punjab for Teachers Development Training in March 2022













## **૨૦૨૨-૨૩ ના તમામ વિભાગની (સામાન્ય) શાળાકીય પ્રવૃતિઓ**

**૩૧/૦૧/૨૨** **મોટીવેશનલ સ્પીચઃ** વકતાઃ ૧) **શ્રી શાંતિભાઇ સુરતી** (વિકાસ કલા નિકેતન, ભરૂચ કોલેજ ટ્રસ્ટી, રાજય તજજ્ઞ), ૨) **શ્રી મહિપતસિંહ રાઉલજી** (એમ.કે.કોલેજ, નિવૃત્ત પ્રોફેસર, ગાયક અને નાટય કલાકાર), ૩) **શ્રી સૂર્યકાંત વ્યાસ** (ગાયક ) આજનો મનુષ્ય સતત ભાગદોડ અને સમસ્યાઓથી ઘેરાયેલો છે. હાસ્ય વિસરાઇ રહ્યું છે. તંદુરસ્ત આરોગ્ય માટે આજે હાસ્ય એક અસરકારક થેરાપી સાબિત થઇ છે. ત્યારે શાળાના શિક્ષકો માનસિક, શારિરીક તંદુરસ્તી પ્રાપ્ત કરે તાણમુકત બને એ હેતુથી શાળામાં મોટીવેશનલ સ્પીચ કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વકતા શ્રી શાંતિભાઇ સુરતી સાહેબે ગુજરાતી શબ્દોની માયાજાળ રચી, હાસ્યસભર વાતાવરણ સર્જી શિક્ષકોને આનંદથી રસતરબોળ કરી દીધા હતાં.શ્રી મહિપતસિંહ રાઉલજી સાહેબ જેઓ એક સારા ગાયક અને નાટયકાર છે. તેમણે ફિલ્મ અભિનેતા સ્વ. દેવાનંદજીના ગીતોને મધુર કંઠે અભિનય સભર રજૂ કરી ૮૦ ના દાયકાની યાદ અપાવી હતી. તેમણે ૮૦ જેટલા. પુસ્તકો અને ૨૫ થી ૩૦ જેટલાં નાટકો લખ્યાં છે. શ્રી સૂર્યકાંત વ્યાસ સાહેબ જેઓ એક સારા ગાયક કલાકાર છે. તેમણે દોહાની રમઝટ બોલાવી સૌને મંત્ર મુગ્ધ કરી દીધાં હતાં. **મોબાઇલ ટુ સ્પોર્ટસ કાર્યક્રમ અંતર્ગત કલા મહાકુંભ રાજયકક્ષાએ લગ્નગીત સ્પર્ધા ૨૦૨૦ - ૨૧ માં ધો.૫-બ ની વિદ્યાર્થીની પઢિયાર હેત્વી ચિંતનકુમારનું ગૃપ પ્રોત્સાહિત ઇનામ રૂા. ૫૦૦૦/-** મળ્યા બદલ શાળા પરિવાર તરફથી દરેક વિદ્યાર્થી તથા તેમના કન્વીનર નયનાબેન પટેલને મહેમાનશ્રીના હસ્તે શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા.





**૧૮/૦૨/૨૨** <u>ભરૂચ જિલ્લા કક્ષા બાળપ્રતિભા શોધ સ્પર્ધાઃ</u> ભરૂચ રમત ગમત અધિકારી કચેરી દ્વારા શાળામાં ભરૂચ જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા યોજવામાં આવી. ૨૪ શાળાના ૨૮૫ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો સાથે ૨૭ શિક્ષકો હાજર રહ્યા હતા, અને ૧૯ નિર્ણાયકોએ પ્રશંસનીય સેવા આપી હતી.

**ઉદ્‌ઘાટન સમારંભમાં ભરૂચ જિલ્લા શિક્ષણ અધિકારી EI મા.શ્રી.ડૉ.દિવ્યેશ પરમાર તથા રમત ગમત અધિકારી કચેરીના પ્રાંત યુવા વિકાસ અધિકારી શ્રી સૌરભ રાણા ઉપસ્થિત રહ્યા હતા.** શાળાના ગુજરાતી માધ્યમના ધો. ૧ થી ૮ ના કુલ ૪૦ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો.અંગ્રેજી માધ્યમમાંથી કુલ ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.શાળાના ડાયરેકટર અને આચાર્ય શ્રી ડો. ભગુભાઇ આઇ.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ઇ.આચાર્યા બિનીતાબેન ગોહિલ, જીગ્નેશભાઇ, નયનાબેન, ધર્મિષ્ઠાબેન, ચીમનભાઇ, અરવિંદભાઇ, શેફાલીબેન, શૈલેન્દ્રસિંહ, વિદ્યાબેન, ભકિતબેન, કંચનબેને સુચારુ રીતે કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.




**પરિસ્થિતિ એક જ હોય છે**
**તેમાં નિષ્ફળ વ્યકિત પાસે કારણો હોય છે**
**જયારે સફળ વ્યકિત પાસે તારણો હોય છે.**

**૧૧/૦૩/૨૨** શાળામાં નગરપાલિકા દ્વારા આયુષ્યમાન કાર્ડ અને શ્રમયોગી કાર્ડ માટે કેમ્પ યોજાયો.

**૪/૩/૨૨** **પરમ પૂજય નારાયણ બાપૂના આશ્રમમાં ભવ્ય ત્રિવેણી સમારોહનું** આયોજન કરવામાં આવ્યું જેમાં ધોરણ -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય શુભેચ્છા કાર્યક્રમ,ગુજરાતી માધ્યમ નારાયણ ધ્વનિ અંક – ૨૮ અને અંગ્રેજી માધ્યમનો નારાયણ ધ્વનિ અંક ૫/૨૯ ની વિમોચન વિધિ તેમજ રાજય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ ઉચ્ચ સિધ્ધિ મળ્યા બદલ વિદ્યાર્થીઓનું અને શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન : **શ્રી બળદેવભાઇ જી.પ્રજાપતિ** (સંચાલક વડોદરા વિભાગ **RSS**), **શ્રી મહેશભાઇ પટેલ** (ડાયરેકટર, વિદ્યાકુંજ કેમ્પસ, **FRC** કમીટીના સભ્ય), **શ્રી અજયભાઇ વ્યાસ** (પ્રાંતમંત્રી, દક્ષિણ ગુજરાત વિશ્વ હિંદુ પરિષદ), **શ્રી જંયતિભાઇ પંચાલ** (પ્રમુખશ્રી, નારાયણ વિદ્યાલય), **શ્રી હેમંતભાઇ પ્રજાપતિ** (ચેરમેનશ્રી, નારાયણ વિદ્યાલય) તરીકે ઉપસ્થિત રહયા.